શું વેનેઝુએલા બાદ હવે ક્યુબાનો વારો?

વેસ્ટ ઈન્ડિઝના ટાપુઓમાંનો એક ટાપુ દેશ, જે ધરખમ અને સર્વશક્તિશાળી અમેરિકાની પડોશમાં, ફ્લોરિડા રાજ્યથી માત્ર 145 કિલોમિટર દૂર છે, તે અમેરિકા સામેની દુશ્મનાવટ 1959થી સતત 2008 સુધી જાળવી રાખવા માટે દુનિયામાં ખ્યાતનામ છે અને તે માટે એટલા જ ખ્યાતનામ તેના સામ્યવાદી શાસક ફીડેલ કેસ્ટ્રો હતા. વાસ્તવમાં સોવિયેત સંઘ વિખેરાઈ ગયો અને 1991 બાદ ક્યુબા સમજો કે અનાથ બની ગયો, છતાં કેસ્ટ્રોએ અમેરિકા સથે નમતું જોખ્યું નહીં અને 2008 સુધી એ પ્રમુખની ગાદી પર ટકી રહ્યા હતા. 2016માં નેંવુ વરસની ઉંમરે એમનું અવસાન થયું. ત્યારબાદ

ફિડેલના નાનાભાઈ રાઉલ કેસ્ટ્રો પ્રમુખ બન્યા અને હાલમાં મિગોલ ડાયેઝ-કાનેલ નામના સામ્યવાદી શાસક ક્યુબાના પ્રમુખ છે.

એટલાન્ટિક મહાસાગરમાં રશિયાના સામ્યવાદી પ્યાદા તરીકે રહીને ક્યુબાએ માત્ર નામ મેળ્યું, પણ ઘણું ગુમાવ્યા. વાસ્તવમાં અમેરિકા ક્યુબાથી 145 કિલોમીટર પણ દૂર નથી. ક્યુબામાં ગ્વાનટેનામો નેવલ બેઝ પર અમેરિકાની માલીકી છે અને અમેરિકાએ ઈરાક વોર દરમિયાન આ વિશાળ નૌકા બેઝ પર ઘણા ઈસ્લામિક ત્રાસવાદીઓને પૂર્યા હતા અને તેઓ પર માહિતી ઓકાવવા માટે અત્યાચારો આચર્યા હતા. વરસ 2000 પછી ક્યુબા ખૂબ ગરીબ બની ગયું. આજે તેને સોવિયેત રશિયા તરફથી કોઈ મદદ મળતી નથી, જે સોવિયેત સંઘ અને અમેરિકા વચ્ચે શીત યુદ્ધની પ્રથમ સ્પષ્ટ શરૂઆત ક્યુબાથી થઈ હતી. હમણાં સુધી અમેરિકાએ કોઈ વ્યુહાત્મક અને સંભવિત ભાવિ યોજનાના ભાગરૂપે ક્યુબાને 1991 બાદ રેઢું મૂકી દીધું હતું. લગભગ અઢી દાયકાથી એ ચર્ચા થાય છે કે અમેરિકનો આવશે અને ક્યુબાને કબજે લઈ લેશે. સામ્યવાદ સાથે અચૂકપણે આવતી ગરીબીનો શિકાર બનેલા લોકો વરસોથી રાહ જોઈ રહ્યા હતા કે અમેરિકન સત્તા આવશે તો તેઓ સુખી બનશે. પરંતુ એ આશા, અને ઘણા માટે નિરાશા પણ ખતમ થઈ ગઈ હતી. હવે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને અમેરિકાનું સામ્રાજ્ય ફેલાવવાનાં કોડ જાગ્યા છે. વેનેઝુએલાને પકડમાં લઈ લીધું છે, હવે ગ્રીનલેન્ડ, કોલંબિયા, કેનેડા પર નજર લાગી છે. અમેરિકન સરકાર માને છે કે ખખડી ગયેલા ક્યુબાનો ગમે ત્યારે સહેલાઈથી કબજો લઈ શકાય. એટલે હાલમાં પચાવી પાડવાના અગ્રતાક્રમમાં ક્યુબાને સ્થાન અપાયું નથી, પરંતુ ડોનાલ્ડ ટ્રમ્પની નજર ક્યુબા પર પણ છે. અમેરિકા તેના પર કબજો જમાવી તેવી શક્યતા વધી છે. ક્યુબાથી થોડે જ દૂર અમેરિકાનો પ્યુએટોરીકો ટાપુ પણ છે જ્યાં અમેરિકન નાગરિકો વસે છે.

ક્યુબા શ્વેત સ્પેનિશો, શ્યામ આફ્રિકનો, સ્થાનિક પ્રજાનું મિશ્ર લોહી ધરાવતા લોકોનો દેશ છે. અમુક અંશ ભારતીય મૂળની પ્રજાનો હશે પણ મુખ્યત્વે અશ્વેત પ્રજા વધુ છે. પ્રજા સંગીત અને નૃત્ય અને શરાબની શોખીન બ્રાઝિલની પ્રજા જેવી. પરંતુ હવે ખાધાખોરાકીના સાંસા છે. 2023માં ક્યુબાની વસતિ 97 લાખ 50 હજાર લોકોની હતી તે 2024માં ઘટીને 94 લાખ 50 હજારની રહી ગઈ. માત્ર એક વરસમાં ત્રણ લાખ લોકો ઓછા થઈ ગયા. મુખ્યત્વે તેઓ પડોશના અમેરિકામાં ઘૂસ્યા હશે અથવા અન્ય દેશોમાં પહોંચી ગયા હશે.

અમેરિકાએ સાઠ કરતાં વધુ સમય સામ્યવાદી ક્યુબા પર આર્થિક પ્રતિબંધો લાદ્યા હતા. સામ્યવાદી ક્રાન્તિના નામે ક્યુબા 68 વરસથી અમેરિકા સામે ઝીંક ઝીલતું આવ્યું છે. સાઠ વરસ સુધી પ્રતિબંધો ચાલ્યા તેમાં ક્યુબા કંગાળ બની ગયું. ક્યુબા સાવ નાનો ટાપુ પણ નથી. એક સમયે ક્યુબા અને તેનું પાટનગર હવાના તેની સુંદરતા અને સમૃદ્ધિ માટે જાણીતાં હતાં. પરંતુ ગરીબી પ્રવેશી પછી 1980માં દશકમાં લોકો હોડીઓમાં બેસીને અમેરિકા તરફ જતા રહ્યા. એ વખતે સવા લાખથી વધુ અમેરિકામાં ઘૂસી ગયા હતા. ત્યારબાદ 1994માં પણ તરાપાઓ પર બેસી લોકો અમેરિકા તરફ ગયા જે ઘટના 'રાફ્ટર ક્રાઈસિસ' તરીકે જાણીતી છે. વૃદ્ધોની સંભાળ લઈ શકે એવી મોટા ભાગની સ્ત્રીઓ વિદેશોમાં જતી રહી તેથી વૃદ્ધો નોંધારા બની ગયાં. પાછળ તેઓની સંભાળ લેનાર કોઈ બચ્યું નહીં.

કબીરા ખડા બજાર મેં
વિન્સી મરચન્ટ

વરસ 1959માં ક્યુબામાં સામ્યવાદી ક્રાન્તિ આવી. 1962ના ઑક્ટોબરમાં સોવિયેત સંઘ અને અમેરિકા વચ્ચે ક્યુબામાં મિસાઈલ ઘર્ષણ સર્જાયું. અમેરિકાએ યુકે, ઈટાલી અને તુર્કીમાં પોતાના મિઝાઈલ અડ્ડાઓ સ્થાપ્યાં. તેના જવાબમાં સોવિયેત સંઘે ક્યુબામાં મિઝાઈલોનું મથક સ્થાપ્યું. બન્ને મહાસત્તાઓ વચ્ચે ૧૬ થી ૨૮ ઓક્ટબોરને ૧૩ દિવસ સુધી પરમાણુ યુદ્ધની ધમકીઓ સહિત ખૂબ ગરમાગરમી ચાલી. એ વખતે અમેરિકાના પ્રમુખ તરીકે જ્હોન એફ કેનેડી હતા. એ હવાના અથવા ક્યૂબન સિગારના શોખીન હતા. કહે છે કે અમેરિકા ક્યુબા પર હૂમલો કરે એવી શક્યતા ખૂબ મજબૂત બની ત્યારે પ્રમુખ કેનેડીએ હવાના સિગારનો જથ્થો એડવાન્સમાં ખરીદી રાખવાની સ્ટાફને સૂચના આપી હતી. યુદ્ધ થાય તો કદાચ ન મળે.

ત્યારનું એ ઘર્ષણ રાજદ્વારી પ્રયત્નો દ્વારા સમાપ્ત કરાયું હતું. જેમાં ક્યુબામાંથી સોવિયેત સંઘની પરમાણુ મિઝાઈલો કાયમ માટે દૂર કરવી, તુર્કી અને ઈટાલીમાંથી અમેરિકન મિઝાઈલો હટાવી લેવી, કોઈ સીધી ઉશ્કેરણીના અભાવમાં અમેરિકા ક્યારેય ક્યુબા પર ચડાઈ નહીં કરે તેમ જ અમેરિકા અને સોવિયેત સંઘ (મોસ્કો) વચ્ચે સીધી ન્યૂક્લીઅર હોટલાઈન ટેલિફોન સેવા સ્થાપવાનું નક્કી કરાયું હતું. સોવિયેત નેતા નિકિતા ખ્રુશ્ચેવ અને ક્યુબાના ફીડેલ કેસ્ટ્રોએ મળીને ક્યુબામાં અણુ મિઝાઈલોનું મથક સ્થાપવાનું નક્કી કર્યું હતું. તેનો અમલ અટકાવી દેવાયો હતો. ફિડેલ કેસ્ટ્રોનું કાસબ કાઢી નાખવાના સીઆઈએના પ્રંપેચોની ઘણી સાચી ખોટી ઘટનાઓ ઘટી જે મનોહર કહાનીઓ બની ગઈ.

આજના અમુક અભ્યાસો જણાવે છે કે ક્યુબાની વસતિ દુનિયામાં સૌથી વધુ ઝડપે ઘટી રહી છે. છેલ્લા ચાર વરસમાં ૨૫ ટકા જેટલો ઘટાડો નોંધાયો છે અને હાલમાં એંસી લાખથી નીચે જઈ રહી છે. દર વરસે સવા આઠ લાખ લોકો ઓછાં થાય છે. સામ્યવાદી ક્રાન્તિમાંથી લોકોની શ્રદ્ધા ઉડી ગઈ છે.

બીજી તરફ પ્રમુખ ટ્રમ્પ કેરેબીયન ટાપુઓ અને તેની આસપાસ અમેરિકી સેનાની હાજરી વધારી રહ્યાં છે. માત્ર ક્યુબા જ નહીં, પનામા અને કોલંબિયા પર એમની નજર બગાડી છે. જાન્યુઆરી ૧૯૫૯માં એ ગુએવારા ફિડેલ કેસ્ટ્રોએ મળીને સામ્યવાદી સરકાર સ્થાપી હતી. ત્યારબાદ ઘણા સોવિયત રશિયા જતાં રહ્યાં હતાં. કારણ કે ત્યાં પ્રવેશવા માટે ક્યૂબનોને વિઝાની નજર પડતી ન હતી. ઘણા લોકો બોસ્નીઆ, ક્રોએશિયા, સ્લોવેનિયા થઈને સ્પેન જતાં રહ્યાં જ્યાં તેઓની સ્પેશિષ ભાષા બોલાય છે. ઘણા લોકો ક્યુબટની હાલત સુધરે તો પાછા ફરવાની રાહ જોઈને બેઠા છે. ક્યુબામાં જમવાના જ ફાંફા છે અને આજે પણ તક મળે તો તમામ યુવા પેઢી હીજરત કરી જવા માગે છે. ક્યુબાનો મુખ્ય પંદર આર્થિક પ્રવૃતિઓ અથવા ઉદ્યોગમાંથી અગિયાર બંધ પડી ગયાં છે. મહત્ત્વના સાકર ઉદ્યોગમાં ૬૮ ટકાનો ઘટાડો નોંધાયો. માછલી ઉદ્યોગ ૫૩ ટકા, ખેતીવાડી પર ટકા અને વિદેશી હુંડિયામણ રળતો પર્યટન વિભાગ સાઠ ટકા ઘટી ગયા છે. પાટનગર હવાનામાં ગરીબીનાં દૃશ્યો ચોતરફ જોવાં મળે, પાટનગર ઉપરાંત અન્ય શહેરોમાં કચરાના ઢગ જમા થયેલા જોવા મળે છે. લોકોમાં વિરોધ પ્રદર્શનો વારંવાર યોજાતા રહે છે. હવાના શહેરની મધ્યમાં સંસ્થાવાદ સમયની ઉત્તમ અને યાદ રહી જાય તેવી ઈમારતો અને બાંધકામો છે તે હવે સંભાળ વગર જર્જર બનવા લાગ્યાં છે. આ વિસ્તાર 'જ્વેલ ઓફ લેટિન અમેરિકા' તરીકે ઓળખાય છે અને તેની આસપાસ પ્રવાસીઓ માટેની કેટલીક વૈભવી હોટલો

અમેરિકાએ સાઠ કરતાં વધુ સમય સામ્યવાદી ક્યુબા પર આર્થિક પ્રતિબંધો લાદ્યા હતા. સામ્યવાદી ક્રાન્તિના નામે ક્યુબા 68 વરસથી અમેરિકા સામે ઝીંક ઝીલતું આવ્યું છે. સાઠ વરસ સુધી પ્રતિબંધો ચાલ્યા તેમાં ક્યુબા કંગાળ બની ગયું

છે. જે ગરીબીના સમયમાં આંખમાં કણાની જેમ ખટકે.

જે થોડી સંખ્યામાં શ્રીમંતો છે તેઓ પણ સરકારી કોન્ટ્રોક્ટસ દ્વારા અથવા સરકાર માન્ય ખાનગી ધંધાઓ ચલાવીને થયા છે. ક્યુબામાં એક ટેક્સી માટેની ઊબેર જેવી વ્યવસ્થા છે જેમાં સોવિયેત સંઘ વખતની, સિતેર અને એસીના દાયકાની ઠોઠિયા ગાડીઓ ભાડે મળે. અનેક ભણેલા લોકોએ સ્પેનની નાગરિકતા મેળવવા માટે અરજીઓ કરી રાખી છે. સ્વાભાવિક છે કે ઉત્પાદન અને ચીજ વસ્તુઓનો અભાવ હોવાથી મોંઘવારી અસહ્ય છે. તકલીફોમાં રીબાવીને તેઓને અમેરિકા અનુભવ કરાવવા માગતું હતું કે ચે ગુએવારા કે ફિડેલ કેસ્ટ્રો જેવી સામ્યવાદી ક્રાન્તિમાં ભૂખમરો અને અછત સિવાય કશું નીપજતું નથી. ભારતમાં ઘણા ભણેલા અભણ એ ગુએવારાને અને ફિડેલ કેસ્ટ્રોને નાયક માને છે. તેઓએ ક્યુબા જવું જોઈએ, અમેરિકા પોતાની થીયરી પુરવાર કરવામાં સફળ થયું છે. અમેરિકા કબ્જો કરશે તો તેઓને ઘર બેઠા ગંગા મળી એવું લાગશે. આખરે બંદૂકના નાચવા વડે ખેતી પાકતી નથી.●



પાર્ટીના નેતાઓએ WEFને IEF બનાવી દીધી

રાજનૈતિક વર્તુળોમાં કેટલાક મુખ્ય મંત્રીઓ પર હસી-મજાક ચાલી રહી છે, જેમણે વિશ્વ આર્થિક મંચ (World Economic Forum) માટે દાવોસ સુધી દૂર ગયા અને ભારતીય કંપનીઓ સાથે રોકાણ માટે મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ (MOU) પર હસ્તાક્ષર કર્યા. આ તો ભારતમાં પણ

થઇ શકતું હતું. પણ ના, તેઓને વિશ્વના મોટા લોકો સાથે દાવોસમાં મળવાનું અને ફરવાનું બહાનું જોઈએ હતું. એ પણ ટેક્સપેયર્સના પૈસાથી! ઓછામાં ઓછા છ મુખ્યમંત્રીઓ અને ચાર કેન્દ્રીય મંત્રીઓ દાવોસમાં એકબીજા સાથે અને ભારતીય કંપનીઓના CEO સાથે મળ્યા. સૌથી આગળ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ હતા, જેમણે સ્વિસર્લેન્ડના રિસોર્ટમાં 19 MoU પર હસ્તાક્ષર કર્યા - જેમાં બધા જ ભારતીય કંપનીઓ સાથે હતા, જેમાં ફક્ત ગૌતમ અડાણીની કંપની અને મુંબઈનું લોઢા ગ્રુપ જ હતું. આ MoUથી 14.5 લાખ કરોડ રૂપિયાનું રોકાણ થવાનું છે અને 15 લાખ નોકરીઓ ઊભી થવાની છે. પણ લોકોને સવાલ છે કે બધા MoU તો ભારતીય કંપનીઓ સાથે જ છે, તો ફડણવીસ અને તેમની ટીમને સ્વિટ્ઝર્લેન્ડ જવાની શું જરૂર પડી?

ઈધર-ઉધરકી
આરતી જેરથ

કોંગ્રેસના નેતા રાજીવ શુક્લાએ X પર સૌથી વધુ તીખી કમેન્ટ કરી છે. તેમણે સર્કાસમમાં લખ્યું કે વર્લ્ડ ઇકોનોમિક ફોરમ હવે ઇન્ડિયન ઇકોનોમિક ફોરમ જેવું લાગે છે! દાવોસમાં ગયેલા મુખ્યમંત્રીઓ અલગ-અલગ પાર્ટીના હતા. BJPના ફડણવીસ ઉપરાંત હિમંત બિસ્વા સર્મા (અસમ), મોહન યાદવ (મધ્ય પ્રદેશ), ઝારખંડના હેમંત સોરેન (JMM), આંધ્ર પ્રદેશના ચંદ્રબાબુ નાયડુ (TDP) અને તેલંગાણાના રેવંત રેડ્ડી (કોંગ્રેસ) પણ હતા. કોઈ બાકી ન રહ્યું!

બેંગલુરુની ચૂંટણીને લીધે પાર્ટીમાં આગમન

નવા નેતૃત્વમાં, જે નિતિન નબીનના આગેવાની હેઠળ છે, બે BJP નેતાઓ વિનોદ તાવડે અને રામ માધવ પાછા આવ્યા લાગે છે. બિહારમાં ચૂંટણી પ્રભારી તરીકે પોતાની ક્ષમતા સાબિત કર્યા પછી, વિનોદ તાવડેને કેરળની આવતી એસેમ્બલી ચૂંટણીઓ સંભાળવાનું મોટું અને પ્રતિષ્ઠિત

કામ સોંપવામાં આવ્યું છે. BJPને કેરળમાં મોટી સફળતા મેળવવાની આશા છે. પાર્ટીના વર્તુળોમાં આને તાવડેની રાજકીય કુશળતામાં નવો વિશ્વાસ માનવામાં આવે છે, જો કે એક સમયે તેઓ મહારાષ્ટ્રના રાજકારણમાં કિનારે હતા. બીજી આશ્ચર્યજનક વાત એ છે કે રામ માધવને બેંગલુરુની આવતી મ્યુનિસિપલ ચૂંટણીઓના પ્રભારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ માત્ર શહેરની ચૂંટણી છે, પણ બેંગલુરુ BJP માટે ખૂબ જ મહત્વનું છે કારણ કે પાર્ટી 2028માં કર્ણાટકની એસેમ્બલી ચૂંટણીમાં પાછું આવવા માગે છે.

રામ માધવ 2020માં જ્યારે જે.પી. નડ્ડા BJP પ્રમુખ બન્યા ત્યારે સાઇડલાઇન થઈ ગયા હતા. તેમને રાષ્ટ્રીય ટીમમાંથી હટાવી દેવામાં આવ્યા અને ત્યારથી તેઓ India Foundation થિંક ટેંકમાં પોતાનું કામ કરી રહ્યા છે. જો BJP બેંગલુરુ કોર્પોરેશન ચૂંટણીમાં જીત મેળવશે, તો આ રામ માધવના પાર્ટીમાં સક્રિય રાજકારણમાં પાછા આવવાનો રસ્તો ખોલી શકે છે.

ચીન JF-17 Thunder વેચવા નીકળ્યું

ભારત-પાકિસ્તાન વચ્ચેના વિવાદ દરમિયાન થયેલા ઓપરેશન સિંદૂરમાં પોતાના ફાઇટર જેટના પર્ફોર્મન્સનો ફાયદો ઉઠાવીને યુદ્ધ વિમાનોનું માર્કેટિંગ કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. યુદ્ધમાં કોણ જીત્યું તેના પ્રશ્નથી દૂર રહીને, ચીનના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વેઇબો પર 'JF-17

Thunder' હેશટેગને ખૂબ આક્રમક રીતે પ્રમોટ કરવામાં આવી રહ્યો છે. આ જેટને કોન્ફ્લિક્ટના પહેલા તબક્કામાં વાપરવામાં આવ્યું હતું.

પાકિસ્તાનની વાર્તા પર આધાર રાખીને, ચીની સોશિયલ મીડિયા પોસ્ટમાં દાવો કરવામાં આવે છે કે JF-17 Thunderએ ભારતના રાફેલ જેટને નીચે પાડ્યા છે. અને આ કોન્ફ્લિક્ટમાં પોતાની ક્ષમતા સાબિત કર્યા પછી આ વિમાન માટે આંતરરાષ્ટ્રીય માંગ ખૂબ વધી ગઈ છે.

વેઇબો પર એક પોસ્ટમાં JF-17ને 'ફાઇટર જેટનું AK-47' કહીને હાઇપ બનાવવામાં આવી છે. આ ચીની યુદ્ધ વિમાનને આકર્ષક બનાવતા મુખ્ય કારણો છે: પશ્ચિમી મોંઘા જેટની સરખામણીમાં તે સસ્તું છે અને અમેરિકન ફાઇટર જેટની જેમ રાજકીય શરતો ઓછી હોય છે.

ચીનની ભારત સાથેની સ્પર્ધા સ્પષ્ટ દેખાય છે કારણ કે તે પાકિસ્તાનને ચીની હથિયારોના સહ-વિકાસકર્તા અને નિકાસકર્તા તરીકે પ્રમોટ કરે છે, જ્યારે ભારતને માત્ર હથિયારો ખરીદનાર તરીકે ટીકા કરે છે. રસપ્રદ વાત એ છે કે ચીન ઓપરેશન સિંદૂર પર પાકિસ્તાનની કહાનીનો ઉપયોગ કરીને પોતાને પશ્ચિમના હથિયારોના સ્પર્ધક તરીકે બતાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

પ્રેમીની મદદથી નવોઢાએ કરાવી હતી પતિની હત્યા

લગ્નના માત્ર ૨૭ દિવસ બાદ ૨૩ વર્ષના મનીષ સીતારામ મીણાની હત્યા થઈ ગઈ, એનાથી આખું મધ્યપ્રદેશ હચમચી ગયું હતું. પોલીસની ચીલઝડપ તપાસમાં બે આરોપી ઝડપભેર સળિયા ભેગા થઈ ગયા. આમાં વીરેન્દ્ર મીણા તો મૃતક મનીષની પત્ની પૂજાનો જૂનો પ્રેમી નીકળ્યો, તો સંદીપ મીણા ય પૂજાનો સંબંધી હતો. લાગણી-સંબંધ શા માટે અને કેવી રીતે ઘાતકી-ક્રૂર બની ગયા!

આ લોહીતરસ્યા અલ્પજીવી સંબંધની ગૂંચ પોલીસે ઝડપભેર અને પ્રમાણમાં આસાનીથી ઉકેલી લીધી હતી. પોલીસના દાવા મુજબ કંઈક આવી ઘટનાએ આકાર લીધો હતો.

હકીકતમાં પૂજા મીણાને તો મનીષ સાથે લગ્ન કરવામાં તસુભાર દિલચસ્પી નહોતી. એ તો વીરેન્દ્ર ઝીણાના ગળાડૂબ પ્રેમમાં હતી. ગુના જિલ્લાના બીનાપુરના રહેવાસી વીરેન્દ્ર હેમરાજ મીણા અને પૂજા એકમેકના થવા તલપાપડ હતાં પરંતુ ૫૦ વર્ષ જૂની હિન્દી ફિલ્મોની જેમ પૂજાના કુટુંબને આ પ્રેમ-સંબંધ સામે ભારે વાંધો હતો. તેઓ કોઈ સંજોગોમાં આ લવ- સ્ટોરી લગ્ન સુધી પહોંચે એવું ઈચ્છતા નહોતા. કારણ તો એ લોકો જાણે પણ અંતે પૂજા કુટુંબના દબાણમાં આવીને મનીષ સાથે પરણવા તૈયાર થઈ ગઈ.

પૂજાએ ભલે લગ્ન કર્યા મનીષ સાથે પણ વીરેન્દ્ર દિલ પર અડિંગો જમાવીને બેસી ગયો હતો. આ કારણસર જ પૂજાએ મનીષ સાથે સુહાગરાત સુદ્ધાં મનાવી નહોતી. આનાથી ભયંકર ક્રોધિત થઈને મનીષ રાતે જ ઘરેથી બહાર નીકળી ગયો હતો.

આ નાનીસુની બાબત નહોતી. જે મધુરજનીએ બે તન-મન-આત્મા એક થાય એ સમયે જાકારો એટલે સંબંધનું સત્યાનાશ. આ

લગ્ન બાદ પૂજા પિયરથી સાસરે પાછી ફરે ત્યારે મનીષને એની નજીક જતો રોકવા માટેની વિચારણા પૂજા અને વીરેન્દ્ર કરવા માંડ્યા. એટલું જ નહીં, પૂજાને કોઈ પણ ભોગે આ લગ્ન સંબંધથી છૂટકારો જોઈતો હતો, એ પણ શક્ય એટલો ઝડપભેર

બાબતની જાણ થતાં પિયરિયાએ પૂજાની ભરપૂર ધોલધપાટ કરી હતો પરંતુ આનાથી એને જરાય ફરક પડ્યો નહોતો.

લગ્ન બાદ પૂજા પિયરથી સાસરે પાછી ફરે ત્યારે મનીષને એની નજીક જતો રોકવા માટેની વિચારણા પૂજા અને વીરેન્દ્ર કરવા માંડ્યા. એટલું જ નહીં, પૂજાને કોઈ પણ ભોગે આ લગ્ન સંબંધથી છૂટકારો જોઈતો હતો, એ પણ શક્ય એટલો ઝડપભેર. આમેય સુહાગરાતે નજીક આવવા ન દેતી પૂજાને મનીષે તમાચો ઝિંકી દીધો હતો એ જાણીને વીરેન્દ્રનું લોહી ઉકળી ઊઠ્યું હતું. પૂજાની છૂટકારાની પ્રબળ ઈચ્છા અને વીરેન્દ્રના રોષના પ્રતાપે અપરાધનાં બીજ રોપાયાં હતાં. પૂજા અને વીરેન્દ્ર વચ્ચે સમજૂતી થઈ ગઈ કે હવે બહુ થયું. વધુ સહન કરવું નથી ને એકલું પણ રહેવું નથી. આમાં મદદ માટે પૂજાના પિતરાઈ ભાઈ સંદીપ કૈલાશ મીણાને સાથે રાખી લીધો.

બંને કુટુંબોમાં સમજૂતી બાદ અંતે મનીષનો પરિવાર ૨૫મી જૂને પૂજાને લઈને એના ગામથી નીકળ્યો. પૂજાને લઈ જતાં સાસરિયાની કાફલાની કારનો પીછો વીરેન્દ્ર અને સંદીપ કરી રહ્યા હતા. મનીષના કુટુંબીજનો દીકરાના સુખી લગ્ન જીવનના સપનાં જોઈ રહ્યા હતા, ત્યારે નિયતિ પૂજા, વીરેન્દ્ર અને સંદીપ થકી કંઈક અલગ જ ખેલ શરૂ કરવાના મિજાજમાં હતી.

એક ભયંકર ગુનાહિત કારનામામાં સજાગપણે સામેલ થનારા વીરેન્દ્ર અને સંદીપ અજાણ કે ગંભીર નહોતા. બંને સુખી-સંપન્ન ખેડૂત પરિવારના ફરજંદ હતા. વીરેન્દ્ર જલંધર યુનિવર્સિટીમાં ગ્રેજ્યુએટ થયો. ત્યાર બાદ થોડો સમય સિવિલ સર્વિસની પરીક્ષાની પણ તૈયારી કરી હતી પણ એ બધા શાણપણે તો ઝનૂન, પ્રેમ અને ગાંડપણ સાથે ઘૂંટણિયા ટેકવી દેવા પડ્યા હતા.

કાવતરાના ભાગરૂપે સંદીપ મીણાએ મોબાઈલ ફોનથી સંપર્ક કરીને જીજાજી મનીષનો સંપર્ક સાધ્યો. ખાસ વાત કરવાની છે એમ કહીને મળવા બોલાવી લીધો. બધું બરાબર થઈ રહ્યું હતું. એટલે મનીષને સાળાને મળવામાં વાંધો શા માટે હોય? આમેય હવે સાસરિયા સાથે સંબંધ સુધારવાનો સમય આવી પહોંચ્યો હોવાનું મનીષને લાગ્યું.

એ તો હોશભેર સંદીપને મળવા પહોંચી ગયો. વીરેન્દ્ર મનીષને વાતચીતમાં વ્યસ્ત રાખીને એના ઠંડા પીણાંમાં બેહોશીની દવા ભેળવી દીધી. થોડી વારમાં મનીષ બેભાન થઈ ગયો. વીરેન્દ્રે તરત પોતાના ગમછાથી એનું ગળું ઘોંટીને મનીષનો જીવ લઈ લીધો. પછી બંનેએ લાશને કોલ્હુખેડીના જંગલના એક કાચા રસ્તા પર ફગાવી દીધી. આ મૃતદેહ બીજા દિવસે મજૂરોએ જોતા પોલીસને ખબર પડી હતી. પોલીસે પુરાવા મેળવી લીધા.

હત્યામાં વપરાયેલી કાર અને ત્રણ મોબાઈલ ફોન, હત્યાના આગલા દિવસે પૂજા અને વીરેન્દ્ર વચ્ચે થયેલી છ કલાકની વાતચીત પણ મહત્ત્વનો મુદ્દો બની. આ વાર્તાલાપ જ પોલીસને પૂજા સુધી લઈ ગયો. પકડાયા બાદ લેશમાત્ર પસ્તાવાની જગ્યાએ પૂજાએ સ્પષ્ટપણે પોલીસને કહ્યું: હું વીરેન્દ્રને ખૂબ ચાહતી હતી. એના વગર રહેવાની કલ્પના ન કરી શકું. સંતોષ છે કે હવે જેલમાં સાથે રહીશું. હા, પોતાના પ્રેમ બદલ મનીષનો જીવ ગયો એનો પૂજાને રંજ હતો ખરો.

કાશ, પૂજાના પરિવારે વીરેન્દ્ર સાથે લગ્ન થવા દીધા હોત તો મનીષ જીવતો હોત ને ત્રણ જણાના જીવન પણ બરબાદ ન થયા હોત. (સંપૂર્ણ)